નં.અજાક/ગ-૧/૬/૨૪-૨૫/ ૩૨૬૧-૩૨૯૪
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
તા.૫/૦૯/૨૦૨૪

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
જિ..................

વિષય :- વર્ષ:૨૦૨૩-૨૪ની ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદત વધારવા બાબત (તા.૦૬-૦૯-૨૦૨૪ થી. તા.૧૫-૦૯-૨૦૨૪)

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪માં જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અગાઉના વર્ષોની સરખામણીમાં ચાલુ વર્ષે પુરતી અરજીઓ મળેલ નથી તેવુ જણાય છે. તેમજ કેટલાક વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ છે. આમ આવા તમામ વિદ્યાર્થીઓને આવરી લેવા જરૂરી બને છે.

આમ, વર્ષ : ૨૦૨૩-૨૪ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહિ જાય તે માટે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરવાની મુદત તા.૦૬-૦૯-૨૦૨૪ થી ૧૫-૦૯-૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇ જે વિદ્યાર્થીઓ/સંસ્થાઓની રજુઆત જિલ્લા કચેરીઓએ આવેલ હોય તેઓને તેમજ જિલ્લાની તમામ શાળા/કોલેજોને તાત્કાલિક આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.

(માન.નિયામકશ્રીની નોંધ પર મંજૂરી મળેલ છે.)

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

Scanned with OKEN Scanner

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/ 60075 /૨૦૨૪

તા. ~~૦૫~~ 06 /૦૯/૨૦૨૪

પ્રતિ,

૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: વર્ષ ૨૦૨૩-૨૪ના ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદત વધારવા બાબત (તા.૦૬-૦૯-૨૦૨૪ થી તા.૧૫-૦૯-૨૦૨૪ )

સંદર્ભ: નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, અમદાવાદ, એ બ્લોક, ૧૦ મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદનો પરિપત્ર ક્રમાંક નં.અજાક/ગ-૧/૬/૨૪-૨૫/૩૨૬૧-૩૨૯૪, તા.૦૫-૦૯-૨૦૨૪નો પરિપત્ર
(વૉટ્સએપ ગ્રુપના' મેસેજ અનુસાર..)

માનનીય સાહેબશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે આદેશનુસાર સમયમર્યાદામાં ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

આભાર,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ :- ઉપર મુજબ

Scanned with OKEN Scanner